પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૦૧ | ૧ ઓક્ટોબર, ૨૦૧૯, મંગળવાર; આસો સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં ચોમાસુ અતિવૃષ્ટિ તરફ વધતા ચિંતાનું મોજુ

**બનાસકાંઠાના ભાભરમાં ૮ ઇંચ વધુ વરસાદ : સર્વત્ર પાણી પાણી : સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત સહિતના પંથકોમાં ભારે વરસાદ : પોરબંદરના અનેક પંથકોમાં દસ ફુટ પાણી : એનડીઆરએફ ટીમોને બચાવ કામગીરીમાં**

અમદાવાદ,તા. ૩૦

ગુજરાતમાં આ વર્ષે ચોમાસું અતિવૃષ્ટિની સ્થિતિ તરફ આગળ વધી રહ્યું છે. સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના અનેક પંથકોમાં જરૂરિયાત કરતાં વધુ વરસાદ પડી ચૂકયો છે અને હજુ વરસી રહ્યો છે, તેથી આ મેઘકહેરના કારણે હવે રાજયના આ પંથકોમાં લીલા દુષ્કાળની સ્થિતિ બની છે. રાજ્યના ૧૮૭ તાલુકાઓમાં ભારે વરસાદ થયો છે. બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકામાં સૌથી વધુ આઠ ઈંચથી વધુ વરસાદ થયો છે. સતલાસણા તાલુકામાં ચાર ઈંચથી વધુ વરસાદ થયો છે. રાજયના ૧૭ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. બીજી બાજુ છેલ્લા ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકાના ભાણવડમાં આભ ફાટયુ હોય એમ ૧૩ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. તો, પોરબંદરમાં પણ અતિ ભારે વરસાદ વરસ્યો હતો. પોરબંદરના ઘેડ, કલ્યાણપુરા સહિતના અનેક પંથકો દસ ફુટથી વધુ પાણીમાં ગરકાવ બન્યા છે. જેના કારણે એનડીઆરએફની ટીમોને રાહત અને બચાવ કામગીરી હાથ ધરવાની ફરજ પડી હતી. હજુ બે દિવસ સુધી સૌરાષ્ટ્રમાં પવન સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છેત્યારે ગત રાતથી સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં અવિરત વરસાદ પડી રહ્યો છે. પોરબંદરમાં આજે વહેલી સવારે વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ પડતા ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. વીજળીના ભયાનક કડાકાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જ્યારે રાણાવાવમાં ચાર ઈંચથી વધુ વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. તો, રાજકોટ, સુરેન્દ્રનગર, વઢવાણ, લીંબડી સહિતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદના કારણે પાણી જ પાણીના દ્રશ્યો સામે આવ્યા હતા. દ્વારકાના યાત્રાધામ હર્ષદમાં ભારે વરસાદથી હર્ષદ માતાજીના મંદિરમાં ચારથી પાંચ ફૂટ સુધી પાણી ભરાયા હતા. જાંમનગર જિલ્લાને બાનમાં લીધો હોય તેમ છેલ્લા ૨૪ કલાકમાં ચારથી ૧૪ ઈંચ જેટલો વરસાદ પડતા ઠેર ઠેર પાણી ભરાયા છે. તેમજ ખેડૂતોના પાકને નુકસાન થતા પડ્યા પર પાટુ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. કલ્યાણપુર તાલુકાના સાતાપર ગામ પાસે આવેલ સિંધણી ડેમ ઓવરફ્લો થતા અનેક સ્થળોએ પાણી ઘૂસી ગયા હતા.

● અનુસંધાન પાન-૭ પર




## ૧૪ ઈંચ વરસાદથી ભાણવડ તાલુકો જળબંબાકાર

દ્વારકા,તા.૩૦

ગુજરાતમાંથી આ વર્ષે ચોમાસુ વિદાય લેવાનુ નામ જ નથી લઈ રહ્યુ. નવરાત્રિ દરમ્યાન ભારે વરસાદની આગાહી વચ્ચે સૌરાષ્ટ્રમાં જળબંબાકારની સ્થિત સર્જાઈ છે. સોમવારે એટલે કે આજે પૂરા થતાં ૨૪ કલાક દરમ્યાન દેવભૂમી દ્વારકાના ભાણવડમાં સૌથી વધારે ૧૩ ઈંચ વરસાદ નોંધાયો છે. કલ્યાણપુરમાં ૮ ઈંચ વરસાદ પડયો હતો. જ્યારે જામનગરના જામજોધપુરમાં ૮ ઈંચ વરસાદ પડ્યો હતો. તો આ તરફ જામકંડોરણામાં નવ ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં ચારેય ઝોનમાં ૧૦૦ ટકાથી વધારે વરસાદ છે. જ્યારે અલગથી કચ્છ ઝોનમાં ૧૭૨ ટકા વરસાદ ખાબક્યો છે અને હજુ જિલ્લામાં વરસાદી માહોલ છે. ગઈકાલે રાત્રે ઉત્તર ગુજરાતમાં સાબેલાધાર વરસાદ પડ્યો હતો. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૩૩ જિલ્લાના ૨૧૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધારે વરસાદ ભાણવડમાં નોંધાયો છે. તે સાથે જ રાજયમાં આ વર્ષે સરેરાશ વરસાદ ૧૩૬.૬૬ ટકા થયો છે. ઝોન પ્રમાણે વાત કરવામાં આવે તો દક્ષિણ ગુજરાતમાં આ વર્ષે સરેરાશ ૧૨૯ ટકા, કચ્છમાં ૧૭૨.૪૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૦૬.૫૩ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૨૪.૩૯ ટકા અને સૌરાષ્ટ્રમાં ૧૪૪.૯૯ ટકા વરસાદ નોંધાયો છે.

પોરબંદરમાં વહેલી સવારે વીજળીના કડાકા ભડાકા સાથે

## તોફાની પવન સાથે ધોધમાર વરસાદ જારી

**સતત છ દિવસની મેઘમહેરથી વરસાદી માહોલ : શહેરમાં તોફાની વરસાદના કારણે જનજીવન ઘમરોળાયુ વિરમગામ સહિત ગ્રામ્ય પંથકોમાં પણ ધોધમાર વરસાદ**

ગાંધીનગર,તા. ૩૦

ગાંધીનગર-અમદાવાદ શહેરમાં આજે સતત છઠ્ઠા દિવસે મેઘરાજાએ તેમની મહેર વરસાવવાનું ચાલુ રાખ્યું હતુ પરંતુ આજે વરસાદની તીવ્રતા અને જોર વધુ હતા. શહેરમાં આજે દિવસ દરમ્યાન વીજળીના જોરદાર કડાકા અને ભડાકા અને ઠંડો પવન ફુંકાવાની સાથે પણ તોફાની વરસાદ વરસ્યો હતો. એસજી હાઈવેમાં માત્ર બપોરના સમયે જ બે ઈંચથી વધુ વરસાદ ખાબકયો હતો. મેઘરાજાની ધમાકેદાર બેટીંગના કારણે આજે શહેરનું સામાન્ય જનજીવન જાણે કે, ઘમરોળાયુ હતું. વાદળછાયા અને કાળા ડિંબાગ વાદળો વચ્ચે મેઘરાજાએ શહેરના વિવિધ વિસ્તારોમાં હળવાથી ભારે ઝાપટા વરસાવવાનું ચાલુ રાખ્યું હતું. જેના કારણે શહેરના મોટાભાગના તમામ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ખાસ કરીને શહેરના નીચાણવાળા અને પૂર્વના વિસ્તારોમાં આજના ભારે વરસાદના કારણે વધુ પડતા પાણી ભરાઈ ગયા હતા. શહેરમાં આજે વધુ પડતો અને ભારે વરસાદ નોંધાયો હતો, જેની સીધી અસર બીજા નોરતાના રાસ-ગરબાના કાર્યક્રમો અને આયોજનો પર પડી હતી. આજના ભારે વરસાદને લઈ બીજા દિવસના નોરતાના કાર્યક્રમો પણ રદ કરવા પડયા હતા. એકબાજુ, નવરાત્રિનો પવિત્ર તહેવાર શરૂ થઈ ગયો છે ત્યારે છેલ્લા છ દિવસના વરસાદના કારણે લોકો જાણે હવે કંટાળ્યા છે. ખાસ કરીને નવરાત્રિના ખૈલેયાઓ અને આયોજકોની મજા બગડી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આયોજિત રાસ-ગરબાના કાર્યક્રમો વરસાદી પાણીમાં જાણે ધોવાઈ ગયા છે કારણ કે, રાસગરબાના સ્થળો કે, ગ્રાઉન્ડ પર વરસાદી પાણી ભરાઈ ગયા છે.

## કેન્દ્રને કાશ્મીરમાં ઈન્ટરનેટ સેવા શરુ કરવા સુપ્રીમે આદેશ આપ્યો

ન્યુ દિલ્હી,તા.૩૦

સુપ્રીમ કોર્ટમાં સોમવારે જમ્મુ કાશ્મીર અંગે કરવામાં આવેલી વિવિધ અરજી અંગે સુનાવણી કરવામાં આવી હતી. જે દરમ્યાન સુપ્રીમ કોર્ટે કાશ્મીર ખીણમાં ઈન્ટરનેટ સેવા શરૂ કરવા કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી છે.

કોર્ટે આદેશ આપ્યા કે, કાશ્મીર ખીણમાં તુરંત ઈન્ટરનેટ સેવા શરૂ કરવામાં આવે. આ સાથે હોસ્પિટલ અને મેડિકલ સુવિધા પણ કાશ્મીર ખીણમાં શરૂ કરવામાં આવે. જ્યારે કોર્ટે યુવાઓને કથિત રીતે નજર કેદ કરવાના મામલે કરવામાં આવેલી અરજીને બંધારણીય પીઠ પાસે મોકલી છે.

આ અરજીને બાળ અધિકારના જાણકાર એનાક્શી ગાંગુલી અને પ્રોફેસર શાંતિ સિંહ પાસે મોકલવામાં આવી છે. આ અરજીમાં કહેવામાં આવ્યુ છે કે, આર્ટિકલ ૩૭૦ હટાવતા કાશ્મીરમાં યુવાઓને નજરકેદ કરી દેવામાં આવ્યા છે. કાશ્મીરમાં છેલ્લા ઘણા સમયથી ઈન્ટરનેટ સેવા બંધ છે.

# અતિભારે વરસાદથી બિહાર પાણી-પાણી

**પટણા તળાવમાં ફેરવાયું : શહેરના વિવિધ વિસ્તારોમાં હજુ પણ સાત ફુટથી વધુ પાણી ભરાયા : બિહારમાં ભારે વરસાદથી ૩૦થી વધુના મોત થયા : મૃતાંક વધવાની દહેશત હજારો લોકોનું સ્થળાંતર : ૧૫ જિલ્લાઓમાં રેડએલર્ટ : બચાવ ટુકડી સક્રિય**





પટણા,તા. ૩૦

બિહારમાં ભારે વરસાદ અને પુરના કારણે હાલત કફોડી બનેલી છે. બચાવ અને રાહત કામગીરી તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે ચાલી રહી છે. વરસાદ અને પુર સંબંધિત ઘટનામાં મોતનો આંકડો વધીને ૩૦ સુધી પહોંચી ગયો છે. હજારો લોકોને સુરક્ષિત સ્થળો પર ખસેડી દેવામાં આવ્યા છે. પાટનગર પટણા તળાવમાં ફેરવાતા જનજીવન સંપૂર્ણપણે ખોરવાયુ છે. પટણાના કેટલાક ભાગોમાં તો હજુ સાત ફુટ સુધીના પાણી ભરાઈ ગયા છે. લોકોને છતો પર રહેવાની ફરજ પડી રહી છે. કોચિંગ હબ ગણાતા રાજેન્દ્ર નગરમાંથી સેંકડો વિદ્યાર્થીઓને સુરક્ષિત ખસેડી લેવામાં આવી છે. પટણા અને દરભંગામાં મંગળવાર સુધી તમામ

સ્કુલ અને કોલેજ બંધ રાખવા માટેનો આદેશ જારી કરવામાં આવ્યો છે. હવામાન વિભાગના કહેવા મુજબ ૧૫ જિલ્લામાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. કારણ બિલકુલ સ્પષ્ટ છે કે, હજુ પણ સ્થિતિ બેકાબુ બની શકે છે. પટણાના અનેક વિસ્તારોમાં આઠ ફુટ સુધીના પાણી ભરાઈ ગયા છે. ગાડીઓ ડુબી ગઈ છે. બચાવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ગંગા અને ગંડક નદીમાં પાણીની સપાટી ભયજનક

● અનુસંધાન પાન-૭ પર

## સુશીલ મોદી પણ આવાસે ફસાયા

**મોદીને સુરક્ષિત રીતે ખસેડવાની ફરજ પડી**

પટણા, તા. ૩૦

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે જિલ્લા અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી છે. સાથે સાથે વિડિયો કોન્ફરન્સિંગ બાદ કહ્યું છે કે, અમે રાહત પહોંચાડવાના દરેક પગલા લઈ રહ્યા છે. લોકો ધીરજ અને હિંમત રાખે તે જરૂરી છે. પાટનગરમાં શુક્રવાર સાંજથી ૧૦ ઈંચથી વધુ વરસાદ થઈ ચુક્યો છે. નીતિશકુમારનું કહેવું છે કે, તેઓ સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી ચુક્યા છે. સાથે સાથે પટણામાં જળબંબાકાર બનેલા સ્થળોની મુલાકાત લઈ ચુક્યા છે. છેલ્લા પાંચ છ દિવસથી અવિરત વરસાદ થઈ રહ્યો છે. જેના લીધે જનજીવન ખોરવાયેલું છે. હજુ હવામાન વિભાગના કહેવા મુજબ ભારે વરસાદ જારી રહી શકે છે. નવરાત્રિ ઉત્સવમાં માઠી અસર થઈ છે. પટણામાં લંગર ટોલી વિસ્તારમાં દૂર્ગાપૂજા પંડાળમાં પાણી ભરાઈ ગયા છે. બીજી બાજુ નાયબ મુખ્યમંત્રી સુશીલ મોદીને પણ અટવાઈ પડ્યા બાદ તેમના ઘરમાંથી બચાવ ટુકડીએ સુરક્ષિત ખસેડ્યા હતા.

# ...તો ફરી બાલાકોટની જેમ એરસ્ટ્રાઈક કરાશે

**હવાઈ દળના અધ્યક્ષ બનેલા ભદોરિયાની સ્પષ્ટ ચેતવણી : હવાઈ દળ કોઈપણ પ્રકારને પહોંચી વળવા પહેલાની જેમ હજુ પણ સંપૂર્ણપણે સક્ષમ છે : રાફેલ બાદ ભારતની ચીન તેમજ પાકિસ્તાન પર લીડ થઇ ગઇ છે**

નવીદિલ્હી, તા. ૩૦

ભારતીય હવાઈ દળના અધ્યક્ષ તરીકેનો હોદ્દો સંભાળી લીધા બાદ એર ચીફ માર્શલ આરકેએસ ભદોરિયાએ આજે પાકિસ્તાન અને ચીનને કઠોર શબ્દોમાં ચેતવણી આપી દીધી હતી. ભદોરિયાએ કહ્યું હતું કે, રાફેલ વિમાનના કારણે ભારત ચીન અને પાકિસ્તાનથી પણ વધારે તાકાતવર બની ગયું છે. ભદોરિયાએ કહ્યું હતું કે, બાલાકોટની જેમ જ સ્ટ્રાઈક માટે હવાઈ સેનાની તૈયારી પુરતા પ્રમાણમાં રહેલી છે. હવાઈ દળના વડાએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, અમે કોઈપણ પડકારને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. એર ચીફ માર્શલ આરકેએસ ભદોરિયાએ કહ્યું હતું કે, રાફેલ વિમાનના કારણે ભારતની સ્થિતિ મજબૂત થઈ છે. બાલાકોટમાં આતંકવાદી કેમ્પોને ફરી સક્રિય કરવામાં આવી ચુક્યા છે. પાકિસ્તાનના રિપોર્ટ અંગે ટિપ્પણી કરતા તેમણે કહ્યું હતું કે, આ તમામ પ્રકારના અહેવાલથી અમે વાકેફ છીએ. જરૂર પડશે ત્યારે ચોક્કસપણે કાર્યવાહી



● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

